# હોશીઆ પ્રબોધકને ઈશ્વર પરિવાર દ્રઢ કરતા શીખવે છે.

*બાળકોને શીખવનારે અભ્યાસ F2b વાંચવો.*

**પ્રાર્થના :** પ્રભુ, અમારા પરિવારો તમારૂં દાન છે. વિશ્વાસી પરિવાર તરીકે જીવવાનો આનંદ માણતા અમને શીખવો. અમારા બાળકો તમને ઓળખે તેવી રીતે તેમનો ઉછેર કરતાં અને પરસ્પર સાચો પ્રેમ કાવી રીતે કરવો તે શીખવવામાં અમને સહાય કરો.

**૧. ઈસુનું વચન સાંભળવા તમારા હૃદયને તૈયાર કરો.**

**હોશિયા ૩ અધ્યાયમાં એક ભલા અને ક્ષમાવાન પતિને જુઓ.**

- ઈશ્વરને તેના લોક પર છે તેવો હોશિયાને તેની પત્ની પર કેવી રીતે પ્રેમ હતો ?
- કયા પાપને માટે હોશીયાએ તેની પત્નીને ક્ષમા આપી ?

**રજી અને ૩જી કલમમાં** હોશીયા તેની પત્નીની સેવા કરે છે તે જુઓ ?

**એફેસી ૫:૨૧ - ૨૩** મા પાઉલે પતિઓ અને પત્નીઓને આપેલી શિખામણો જુઓ)

- બાઈબલ તમામ વિશ્વાસીઓને પરસ્પર શું કરવાનું કહે છે ? (૨૧ મી કલમ)
- પત્નીએ પતિ સાથે કેવો વ્યવહાર કરવાનો છે ?
- પતિએ પત્નીએ કેવો પ્રેમ કરવો જોઈએ ?

૧ શમૂએલ ૩ જા અધ્યાયમાં આપણને આંજ્ઞાંકિતોનું ઉદાહરણ જોવા મળે છે.

- ૨ થી ૧૦ કલમમાં જુઓ એક -નાના છોકરા તરીકે શમૂએલે કેવી રીતે પ્રભુની સેવા કરી.
- ૧૩મી કલમમાં જુઓ એલી પોતાના જ બે દીકરાઓને શિસ્તમાં રાખવામાં કેવી રીતે નિષ્ફળ ગયો.
- ૧૪મી કલમમાં જુઓ કે તેમની અનાજ્ઞાંકિતતા માટે કેવી ચેતવણી આપવામાં આવી છે.

**એફેસી ૬ :૧ - ૪માં** જુઓ કે બાળકોએ કેવી રીતે પોતાના મા બાપને આધીન રહેવું જોઈએ અને મા બાપે કેવી રીતે પોતાના છોકરાંને ઉછેરવા જોઈએ. પ્રભુની સેવા માટે બાળકોને ઉછેરવા માટેની કેટલીક વાતો અહીં છે.

- તમારા બાળકોને બાઈબલ વાર્તાઓ કહેવા, પ્રાર્થના કરવા, ગીતો ગાવા અને વચનો મુખપાઠ કરાવવા માટે દરરોજ થોડો સમય આપો. જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો તેઓ શમૂએલની જેમ નાની વયથી જ પ્રભુની સેવા કરનારા થશે.
- તેઓને દસ આજ્ઞાઓ, ઈસુની આજ્ઞાઓ નિતીવચનો અને નવા કરારમાં મળી આવતા પરસ્પર પ્રેમ રાખવાના વ્યવહારિક માર્ગો શીખવો.
- ભજન સમયે બાળકોને સામેલ કરો. તેમને ગીત ગાવા દો. વચન મુખપાઠ કરવા દો. અને કોઈ પાત્ર પણ ભજવવા દો.
- બાળકોના ઉંમર પ્રમાણે ભાગલા પાડો નહિ. મોટા બાળકોને નાનાઓની મદદ કરતાં શીખવો.
- બાળકોને ગુસ્સાથી નહિ પણ પ્રેમથી સુધારો, તેમને માટે ઘણા અઘરા હોય તેવા નિયમો પળાવી તેમને ચીડવશો નહિ.
- બાળકોને અન્ય લોકોની સેવા કરવાની તક આપો.

**૨. સહકર્મચારીઓ સાથે સપ્તાહ દરમ્યાન કરવાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

- ☐ પરિવારોની મુલાકાત લો અને તેમના કૌટુંબિક ભજનના સમયમાં બાળકોને સામેલ કરતા શીખવો માતા તથા પિતા બંન્ને ભાગ લેવા માટે પ્રોત્સાહન આપો.

- ☐ મંડળીના આગેવાનોને તેમના પોતાના પરિવારોમાં પ્રાર્થના કરવા માટે પ્રોત્સાહન આપો. શેતાન ઘણીવાર ખ્રિસ્તી કાર્યકરોને તેમના પોતાના પરિવારોની નિર્બળ બનાવીને તેમની સેવાનો નાશ કરવાના માર્ગો શત્રુ વિચારવાનો હોય છે.

- ☐ સમસ્યાવાળા પરિવારોની મુલાકાત લો અને તેમને તેમના પરિવારોને દ્રઢ કરવાની શીખામણ, સલાહો બાઈબલ અનુસાર આપો. અહી કેટલાક માર્ગદર્શનો છે.
    - **૧.** કોઈપણ સલાહ કે શિખામણ આપતા પહેલા સમસ્યા સાથે સંકળાયેલા પરિવારના તમામ સભ્યોની વાત ધ્યાનથી **સાંભળવી**.
    - **૨.** જે કાંઈ તમારી આગળ કહેવામાં આવે છે. તે ખાનગી રાખો. કોઈની પણ સાથે તે વિષે નદી વાત કરશો નહિ.
    - **૩.** એકબીજા સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે વિષેના બાઈબલ કેવી રીતે વ્યવહાર કરવો તે વિષેના બાઈબલ ભાગો સાથે મળીને વાંચો દા.ત. ફીલીપી ૨ અને ૧ કોરંથી ૧૩ મો અધ્યાય.
    - **૪.** પરસ્પર ક્ષમા કરવા માટે ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય તે માટે **પ્રાર્થના કરો.**
    - **૫.** પ્રેમથી એકબીજાની સેવા કરવા માટે વ્યવહારિક માર્ગો શોધવામાં **સહાય કરો.** પરિવારનો મુખ્ય માણસ સૌને માટે નમૂનો હોવો જોઈએ. પરિવારના મુખ્ય તરીકે ખ્રિસ્તની જેમ સેવક બનવામાં તથા બલિદાન આપવામાં તેણે પ્રથમ હોવું જોઈએ.

**૩. આગામી ભજનસેવા માટે સહકર્મચારીઓ સાથે આયોજન કરો.**

સમયની જરૂરીયાત તથા સ્થાનિક રિવાજો પ્રમાણેની પ્રવૃત્તિ પસંદ કરો.

- ૧ શમુએલ ૩જા અધ્યાયમાંથી બાળ શમૂએલે સાંભળેલ ઈશ્વરની વાણીની વાર્તા કહો.
- ભાગ ૧ માં તમે શોધેલી બાબતો અંગે **પ્રશ્નો પૂછો.**

**રજૂ કરો :** બાઈબલ શીખવે છે કે પતિઓએ તેમના પરિવાર પર પ્રેમ રાખવો અને બલિદાનપૂર્વક સેવા કરવી. હોશીયાની વાર્તામાં આપણે જોઈએ છીએ કેવી રીતે તેણે તેની અવિશ્વાસુ પત્નીને ક્ષમા કરી, ગુલામીમાંથી મુક્ત કરી અને તેની સાથે કેવી રીતે શાંતિથી રહેવું તે શીખવ્યું.

વિશ્વાસી પરિવારો માટે એફેસી ૫ : ૨૧ થી ૬ : ૪માં પાઉલે આપેલી સલાહો વાંચો.

પહેલા ભાગમાં તમે શોધેલી બાબતો વિષે પ્રશ્નો **પૂછો**.

**રજૂ કરો.**

- ઘણી સંસ્કૃતિઓમાં બાઈબલમાં એફેસી ૫ : ૬ના શિક્ષણ પ્રમાણે પત્નીઓ પતિઓની સેવા કરે અને બાળકો મા બાપને આધીન રહે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ બાઈબલ એવું પણ શીખવે છે કે આપણે એકબીજાને આધીન રહેવું જોઈએ. પરિવારના પ્રત્યેક સભ્યને પ્રેમભરી નમ્રતાથી બીજાઓની સેવા કરવાની તક છે.
- જ્યારે પત્ની પતિનું માન જાળવે છે ત્યારે તે તેના બાળકોને માતા પિતાનું માન જાળવતાં અને ખ્રિસ્તને કેવી રીતે આધીન થવું તેના શિક્ષણનો નમૂનો બને છે.
- પતિના પ્રેમની સરખામણી પાઉલ ખ્રિસ્તના મંડળી પ્રત્યેના પ્રેમ સાથે સરખાવે છે. ખ્રિસ્તે આપણે માટે પોતાનો પ્રાણ આપ્યો છે. પતિનો પત્ની પ્રત્યેનો બલિદાન ભર્યો પ્રેમ તે તેના બાળકો તથા તેની આસપાસના લોકો માટેના ખ્રિસ્તના બલિદાનપૂર્ણ પ્રેમનું જીવંત ઉદાહરણ છે.

પહેલા ભાગમાંથી તમે શોધેલી વાર્તા અંગે **પ્રશ્નો પૂછો.**

**પ્રભુ ભોજન** માટે અયૂબ ૧ : ૫ વાંચો. કહો કે એક સારા પિતા તરીકે અયૂબ તેના બાળકો માટે અર્પણો ચઢાવતો હતો. જ્યારે આપણે પ્રભુ ભોજન લઈએ છીએ ત્યારે આપણે યાદ કરીએ છીએ કે આપણા સ્વર્ગીય પિતાએ આપણા માટે સૌથી મહાન બલિદાન આપ્યું છે. તેમે આપણા પર એટલો બધો પ્રેમ કર્યો કે તેણે પોતાનો પુત્ર આપણે માટે આપી દીધો.

**બાળકોએ** તૈયાર કરેલ નાટકો, ગીતો, પ્રશ્નો રજુ કરવા દો.

અવિશ્વાસુ પત્નીને ક્ષમા કરનાર હોશીયાની **વાર્તા કહો.**

ઈશ્વરે તેમના પરિવારોનું કેવી રીતે પરિવર્તન કર્યું અને પરિવારની વ્યવહારિક રીતે કેવી સેવા કરી શકાય તે વિષે વિશ્વાસીઓને સાથ આપવા કહો.

પરસ્પર સલાહ અને પ્રાર્થના માટે તથા દૈનિક પારિવારિક પ્રાર્થનાની પુષ્ટિ માટે આયોજન કરવા માટે બે ત્રણ જૂથો રચો.

સાથે મળીને **એફેસી ૫ : ૨૧ મુખપાઠ કરો.**

Copyright@2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net